બીકાનીરના મહારાજાધિરાજ

પૃથુરાજ રાઠોડ નાટક.

"પાઉસેરકી કયારીમેં ડુલાઈ સારી બાદશાહી"

બનાવનાર

જોશી ભીખારામ શવજી કનૈયા—ભાવનગર.

છપાવનાર.

વહોરા, અબદુલહુસેન આદમજી,

બુકસેલર—ભાવનગર.



અમદાવાદ.

શ્રીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કીંમત ૩ આના.

ઠ૦ મારા હાથથી રચેલાં પુસ્તકોની યાદી.

સોનગઢ સ્ટેશનનું વર્ણન	રૂ-૦-૨-૦
ધર્મદર્પણ અંક ૧૧	રૂ-૦-૪-૦
વાંઢા વિલાપ.	રૂ-૦-૪-૦
ગુણસાગર નાટક...	રૂ-૦-૩-૦
પ્રથીરાજ ચહુઆણ ગાયન	રૂ-૦-૨-૦
પ્રથીરાજ ચહુઆણ આખું નાટક (છપાયછે)	
પ્રથુરાજ રાઠોડ નાટક.	રૂ-૦-૩-૦
સીદ્ધરાજ જયસીંહ નાટકનાં ગાયન... ...	રૂ-૦-૨-૦
રાસલીલા નાટક....	રૂ-૦-૧-૦
શ્રીકૃષ્ણવિલાસ ગાયન...	રૂ-૦-૨-૦
રાણીકદેવી રાહ ખેંગાર નાટકનાં ગાયન ...	રૂ-૦-૨-૦
ભર્તૃહરી નાટકનાં ગાયનો	રૂ-૦-૨-૦
શુરવીર જયમલ નાટક...	રૂ-૦-૧-૦
વીજળી વિલાપ...	રૂ-૦-૧-૩
દીવાળી લધુચંદનું ફારસ	રૂ-૦-૧-૦
અભેસીંહ માનસીંહ નાટક. (છપાયછે)	
ઉદેપુરના રાણા રાજસીંહ નાટકનાં ગાયન ...	રૂ-૦-૨-૦
ભાવનગર શેહેરની રચના.	રૂ-૦-૧-૦

પ્રસ્તાવના.

આ નાટક ઘણું નાનું અને કર કસરથી રચી કાઢેલું છે। તેમાં પ્રથુરાજની સ્ત્રીયે કેવું સતીપણું સાચવી પતીવ્રતાનો ધર્મ પાળ્યોછે તેનો ટુંકામાં આબેહુબ ચીતાર આપ્યો છે. તેણે "પાળસેરકી કટારીમેં ડુલાઇ સારી બાદશાહી"નો ચમત્કાર બતાવેલોછે તે વાંચી જોઈ ખાત્રી કરશો.

મારૂં હીંદુસ્તાની ભાષામાં પુરતું જ્ઞાન નહીં હોવાથી વિદ્વાન વર્ગ તમામ ખામીયો માફ કરી અંદરનો સાર ગ્રહણ કરશે એવી આશા રાખુંછું. મેં કેટલાંક પુસ્તકો રચી કાઢેલ છે અને રસીકશીયોની શેવામાં મુકી પ્રગટ કરેલછે તેથી શ્રોતા અને વકતા દોષ માફ કરશો એવી આશા રાખુંછું.

(સહી) જોશી ભીખારામ શવજી કનૈયા ભાવનગર.

ઠેકાણું અંબાજીના વડ નીચે પખાલીવાડમાં.

પાત્રવર્ગ.

અકબરશાહ—દીલ્લીનો બાદશાહ.

બીરબલ—તેનો ભરૂંસાદાર કવિ.

ગંગ—તેની પાસેનો કવિ.

બેગમ—બાદશાહની.

કલાવંતી—ગણીકા.

પ્રથુરાજ—બીકાનીરનો રાજા ને અકબરનો સાઢુ.

રાણી--તેની સ્ત્રી.

ચોપદાર—અકબરનો.

લલીતા—એક દાસી.

શીપાઈ—અકબરનો.

લવો—બાદશાહનો હજુરી.

ચાંદખાં—એક શીપાઈ.

સરદારખાં—પ્રથુરાજ પાસેનો લશ્કરી.

પછીથી દાસ દાસીઓ શીપાઈઓ દરબારીઓ વીગેરે.

નવીન

બિકાનીરના મહારાજા પૃથુરાજ રાઠોડ નાટક.

(પંચ અંકી)

(સર્વપાત્રો—ઇશ્વર સ્તુતી.)

(છે જન પાળક ટાળક દુ:ખનો એરાગ)

વીશ્વંભર જગ વ્યાપીક સઘળે કૃતી અદભુત નહીં કોઇ કળે;
આદ્ય પુરૂષ તું એક ખરો, જળહળ જ્યોત ઉદ્યોત ઝરો;
ઉડગન ઘન ઇંદુ આભાસ, નીશ્ચળ સર્વેમાં નિવાસ;
દીનબંધુ છો નમીયે દાસ, અમને સુખડાં આવી મળે. ટેક
અમૃત દ્રષ્ટી અમપર કરજો, હરનીશ વીઘ્નો આવી હરજો;
અમે તારા ઉછરતા બાળ, સર્વ તણી લેજો સંભાળ;
નેક નજર કરી અમપર ન્યાળ, લક્ષ્મી વાસો આવી મળે;
સુરનર મુનીવર ભકિત કરે, ધરણીધર તારૂં ધ્યાન ધરે;
હરખાતુરછે હીંદુસ્તાન, કળા કામ કારીગર વાન;
ભીખન કહેછે હે ભગવાન, જુજુંછું હું આપ બળે.

अंक १ लो.

પ્રવેશ પેહેલો.

સ્થળ—અકબર બાદશાહની કચેરીમાં સર્વે બેઠાછે બાદશાહ અને ચોપદાર નેકી પુકારેછે. (બીરબલની વાતચીત.)

અકબરશાહ—બીરબલ, હીંદુસ્તાન બડા જોરાવર દેશ હે! ઉસ્મે રજપુતલોકો બડા રંજાડી હે, લેકીન મેરા રાજમેં કીસ તરેહસેં નેકીમેં નોકરી ગુજારતા હે. ઇસ રજપુતલોકો બડા શુરાતનીહે મગર ટેકદાર બહોત હે.

બીરબલ—જહાં પનાહ આપકા અદલ ઈનસાફ ઔર રઈતપેં જુલમ, દગા ચોરીકા બોત બંદોબસ્ત હે ઈસસે રૈયત બહોત ખુશીમેં દિન ગુજારતી હે.

અકબર--રજપુત લોકોંકી ઔરત બોત વફાદાર ઓર ધર્મમેં બડી જોરાવર મગરૂર રહતી હે।

બીરબલ—જહાં પનાહ વો બડી ચકોર ઔર ચંચલ હે. બડી કલાવાન ઔર વાક વીનોદી હે.

અકબર—મેરે જનાનેમેં રજપુતાંકી બેટીહે સો બડી ચાલાક હે. વો બાલપનસેં ઓઝલમેં દીન ગુજારતી બડી આનંદી હે. વો પૃથીરાજ રાઠોડકું સબ માલમ હે.

બીરબલ—જહાં પનાહ બારાબર હે મગર મેને એસી બાત સુનીહે કે, વો પૃથીરાજે ઉનકું બોત ચાલાકી મેં દેખી હે. વો સબ બાતમેં માહીતગાર હે.

અકબરશાહ—પૃથીરાજ નોકરીમેં કાયકું હાજર નહીં હુવા ? બીરબલ ઉનકું ખધર બુલાનાં ચાઇએ.

બીરબલ—જહાં પનાહ, બોત અચ્છા. એક આદમી બુલાનેકું ભેજતા હું.

અકબર—કચેરી બરખાસ્ત કરો. બખત બોત હો ગયા.

(જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—બીકાનીરમાં પૃથુરાજની સ્ત્રીનો મેહેલ.

દાસી અને પોતે.

પૃથુરાજની સ્ત્રી—વહાલી લલીતા ચાલ આજે દેવીનું આરાધન કરવા જઈએ કેમકે આપણને દેવી સુખ શાંતી કરી અમીનો છાંટો નાખે. સર્વે સામગ્રી તૈયાર કર.

લલીતા—બહુ સારૂં બાઈ સાહેબ.

(લાવી હાજર કરેછે. અને પછી જાયછે.)

પ્રવેશ ૩ જો.

રસ્તામાં ગાતી ગાતી જાયછે.

રાણી— **આશાવરી જોગીયો.**

દીપક દેખી પતંગ મરેછે, લાગે તેની કાય;
પ્રીતી લાગી દાસી મારે, દર્શન કારણ માંય;
આદ્ય ભવાની વગર આ દુનીયા, સુંની લાગે સેજ;
આરાધનથી મુકતી મળેછે, આશાપુરે એજ.
ઈશ્વર ને એક આદ્ય ભવાની, શેવામાં છઊં આજ;
ધર્મ તણું ધડ સ્થાપવાને, રાખે મારી લાજ.

ચાલ દાસી ઉતાવળથી કે પાછાં દર્શન કરીઝટ ઘેર આવીએ.

પ્રવેશ ૪ થો.

સ્થળ—દેવીનું મંદીર. પૃથીરાજની **સ્ત્રી** તથા **દાસી** બંને મળીને જાયછે ત્યાં એક સીંહ નજરે પડેછે તેને જોઇ દેવી પાસે.

પૃથુરાજની સ્ત્રી— રાગ માઢ.

અલબેલીરે અંબેમાતરે મારી વારે તું ચડી.
તું શકિતછો સાક્ષાતરે, નમું પાય હું પડી.
સીંહ જોરાવર જંગલ માંહી, પાડે અતી પુકાર;
હૈયું મારૂં હાથ ન રહેવે, ભાસેછે ભયંકાર. અલબેલી.
ઘુંઆરણુ પાડે બહુ રણમાં, ત્રાસ પડે તન માંય;
એ થકી હું અધીરી બનીછું, થર થર કંપે કાય. અલબેલી.
તારે પારે અરજ ગુજારૂં, જગ જનુંની આવાર;
બુડત બેડલી બાંય ગ્રહોને, ઉતરૂં ભવજલ પાર. અલબેલી.
બહુ શીકારી બુમો પાડે, કરે અતિ પુકાર;
માયા કેરી જવાળની અંદર, તલખે મૃગલી તમામ. અલબેલી.
મંદીર તારૂં મંજુલ દેખી, દેવી સુખદાતાર;
ઘેર પહોચાડો કૃપા કરીને, નમાયે વારંમવાર. અલબેલી.

લલીતા—બાઈ સાહેબ સીંહનો ચાલ્યો ગયો હવે ચાલો
ઝટ પાછો વખત બહુ વીતી જશે તેથી તાકીદ રાખો.

પૃથુરાજની સ્ત્રી—ચાલ દાસી સત્વર પગ ઊપાડ. (ઝટ જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—પૃથુરાજનો શયનગ્રહ. **પ્રથુરાજ** અને તેની **સ્ત્રી**ની વાતચીત.

પૃથુરાજ—**સ્ત્રી પ્રત્યે. હોરી.**

(ફાગુનકે દીન ચાર સખીરી અપનો પીયા માગે સો દેઉંગી.)
એ રાહ.

દીલ્હી જવુંછે આવાર; રસીલી સાચવજે તું શીયળ શુભ રીતે;
દીલી જવું છે આવાર.

હીંદુસ્તાન તણા રજપૂતો, આવશે ત્યાંહી અપાર. રસીલી.
કાલ વહ્યા જશે માસ છમાસો, દિલગીર કરન લગાર. રસીલી.
કર નહીં પ્રીયા ઉદાશ પ્રતીમાં, તું છો પતીવ્રતા નાર. રસીલી.
હશી ખુશી થઈ અંગ ઉમળકે, આપ રજા તું આવાર. રસીલી.

સ્રી— નંદલાલના મહીના.

જાવા ન દેશું હે નાથરે, દીલ્લી જાવા ન દેશું;
માનો અમારી વાતરે, દીલ્લી જાવા ન દેશું. ટેક.
મધુકર વીના મલ્લીકા નીકળીયો, મહાવન માંહી ઝુરી મરે મળીયો;
કેમ ખીલે તે કુંપળીયોરે; દીલ્લી.
નાથ વિના નવજોબન સુંના, લેવો આધાર હે વાલમ કોના;
શું કર્યોછે અમે ગુનારે. દીલ્લી.

પૃથુરાજ— રાગ ગોપીચંદનો.

તું હઠ દે છોડી, લીધી મુકી દે એવી વાતજી.
સ્રી—આ તજો નોકરી, નીશ્ચે જાણોને મારા નાથજી;
નભ મધ્યે પંખી નાસેછે, બીક લગાડે બાજ;
પંખી જંગલ ભયે પુકારે, ગુજરેછે ઘરમાંજ. આ૦
પૃથુરાજ—જન્મ ભુમી તજી સર્વ જાયછે, દુર નોકરી કાજ;
બાપ કુવે નથી બુડી મરવું, ઉદાસ કર નહીં આજ. તું૦
સ્રી— જન્મ ભુમી સહુ જનને ધારો, કેશર ક્યારી સમાન;
હીરા રત્ન તજો પર હદનું, કહ્યું ધરોને કાન. આ૦
પૃથુરાજ—ઘરમાં રહેવે માન ઘટેછે, મેહેણાં મારે લોક;
હોય કમાણી ત્યાં જઇ વસવું, મીથ્યા છોડો શોક. તું૦

સ્ત્રી—મેહેણારૂપી માર ખમે નહીં, મરદ તેહ કહેવાય;
ઘણના માથે ઘાવ પડે પણ, લોહ ન કંચન થાય. આ૦

પૃથુરાજ— (દક્ષણીરાહ) લાવણી.

નવ કરે નીરાશ, પ્રાણથી છો પ્યારીરે;
જવુંછે ખાસ, શાહની પાસ, વિતે છ માસ;
દુઃખનો નાશ, સુખ વૃત્તિ થનારીરે. નવ૦
તુજ તણો વિયોગ, છે અતીશ ભારીરે;
છઉ લાચાર કર વિચાર, થઉં તૈયાર;
છે સરદાર, દીલીપતી દીલદારીરે. નવ૦
માટે મારી વાત, અંતરે ઉતારીરે;
થઈ પ્રસંન, દેને વચન, નિજ વતંન;
કરી જતંન, પતીવ્રતા છો નારીરે. નવ૦

સ્ત્રી— કાલીંગડાનો દાદરો.

પ્રાણનાથ નથી જવું વિદેશ માંહી પ્યારા,
ઘેર બેશી દીવસ આંહી કાઢવારેજી;
અરધો મળતો હોય ત્યારે આખાને ન દોડો,
પ્રીયા તણો આ પ્રેમ નહી છાંડવારેજી;
નહીં નહીં પ્રાણનાથ એ ન બોલો.

પૃથુરાજ— જીલ્લા—ગજલ.

(મયેહો અસીર જાનાહું, હજ્જારકો સલામ. એ રાગ.)
પ્યારી દીલ્લી જાવું આજે, મારે છે જરૂર;
તેડાવ્યો મુજને બાદશાહ, કરવો નહી મગરૂર.

દેવો પડે હીસાબ દાડી, દેશે ફરવા જાય;
માટે પ્યારી રજા દીયો, હું આવીશ પાછો આંય.
ખરૂં સતી વ્રત પાળજે, તું ઊંચા કુળની નાર;
ઈજ્જત મારી વધારજે, શું કહું તુને આવાર.

સ્ત્રી— **ભેરવીની ઠુંમરી.**

(કહાં ગયો શાહજાદો જાની પ્યારા. એ રાગ.)

નથી જવું દીલ્લીમાં પીયુ મારા, તલખે જીવ અમારારે. ટેક
ધનદોલત નથી ભેળી કરવી, સુખ દુઃખનાછે વારારે. નથી.
ભેગાં બેશીને ભોજન કરશું, હાસ્યવિનોદ હજારાંરે. નથી.
વેલને વ્રક્ષશું પ્રીત બંધાણી, ચંદ્ર ચકોરશું પ્યારારે. નથી.
સુભાગી સુડલો વિચરે વિદેશે, કોના લેવા આધારારે. નથી.

પૃથુરાજ—અહા પ્રીયા તારી પ્રીતીનું આકર્પણ કરવા હું વિજોગી પંખી વલખી મરૂં છું પણ શાહનું માણુસ તેડવા આવેલછે માટે ધારા પ્રમાણે હાજર થતું જોઇએ.

સ્ત્રી—પ્રાણુનાથ આપના વીના મારા દિવસ શી રીતે ગુજરશે? અરે આપનો આગ્રહ છે માટે વેહેલા પધારજો.

(જાયછે. ડ્રોપસીન પડે છે.)

अंक २ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—બાદશાહની કચેરીમાં **બીરબલ** અને **પૃથુરાજ** વીગેરે (ચોપદાર નકી પોકારે છે.)

અકબરશાહ—બીરબલ બડા જોરાવર રાજા સબ આ ચુકા મગર પૃથીરાજ વીકાનીરસે આયા? કયું ઉનકું માળવ દેશમેં બોત ગડબડહે ઊદર જાનેકી જરૂરહે કયું કે રજપુત લોકો બડા બંડ ઊઠાતાહે ઓર હુકમપર આધાર નહીં રખતા ઔર જુલમ ગુજારી બડા દુઃખ દેતાહે ઉસબાસ્તે પૃથુરાજકી જરૂરહે.

બીરબલ—જહાંપનાહ પૃથીરાજ બડા ખટપટીહે ઓર ઉનકા કાગદમેં લીખાથા કે મેં આઊંગા. ઉનકી મુદત હો ચુકી. (એટલામાં)

ચોપદાર—બીકાનીરકા મહારાજા ધીરાજ પૃથીરાજ રાઠોડકી સલામપેં નીધા રખો મેહેરબાન!

(પૃથીરાજ સલામ કરે છે એટલે બાદશાહ ખુરશી બેસવા બતાવે છે તે ખુરશીપર બેશીને)

પૃથુરાજ—જહાંપનાહ આપ મેરા દિલોજાનહો મગર હમ રજપુતોકું દેશાવર છોડતાં બોત દેર લગતીહે વો ગુનેહકી માફી મંગતાહું.

અકબરશાહ—કુચ્છ ફીકર નહીં મગર આપકે ઘરપે સબ ખુશીહે? અપની ઓરત બચા સબ ખુશીમેંહે?

પૃથુરાજ—હા જહાંપનાહ આપકી બેગમ ઓર સબ ખુશી મઝેમેંહે.

અકબરશાહ—સબ અચ્છે મીજાજમેંહે મગર મેરી ઓરત કે બારતે ઐસા શક રહેતેહે કે આપને ઉનકું કબી દેખી હોગી?

પૃથુરાજ—વાતો મેરે આગે છોટીસેં મોટી હો ગઇ, ઓર મેરે હાથુમેં ગ્યારાં બરસ તલક પડ રહેતીથી.

અકબરશાહ—ઉનકી બડી નીશાની અવયવકી મુજેકું બતાવ જુઠ બોલો તો તુંમકું ધર્મકી કસમહે.

પૃથુરાજ—જહાં પનાહ વો પુછનેકી કયા જરૂરહે?

અકબરશાહ—તુમારા કહેનાં સચહે કે જુઠહે ઉસી બાસ્તે હમ પરીક્ષા કરનેકે બાસ્તે તુમેરેકુ બુલવાયા. તબ સચ બોલો મે તુમેરા જીવજાન હું મગર જુદાઈ મત જાનો. અપના દીલ એક હે તુંમ ઔર હમ દોનુંકી શાદી એક જગાપરહે.

પૃથુરાજ—ઉનકી બડી નીશાની વોઇ હે કે ઉનકી પાનીકે ઔર ગોઠનકીપર ઔર નાભીકે નીચે તીલહે. વો મેં તુંમકું નીશાની દેતા હું તુમ બરાબર તપાસો.

અકબરશાહ—હમ બરાબર ઉસકા તપાસ કરેગા ફીર મેંને એસા સુના કે વોતો ઓઝલમેથી ફીર તુમને કીસ તરાંસેં દીખા.

પૃથુરાજ—હમારે રજપુત લોકોકું ઓઝલ કેહેનેકાહે જોનેકા નહીંહે.

અકબરશાહ—બોત અચ્છા અબ કલાવંતીકું બુલાવો. શીપાઈ જલદી ઇદર લાઓ.

શીપાઇ—બહોત અચ્છા અભી આપકી મોજુદ હાજર કરૂં.

(જાયછે ને કલાવંતી આવી ગાયન કરે છે)

કલાવંતી—(રહોદીન દીનરે પ્રજા પ્યાર એ રાગ)

દીલ્લીપતી તપોરે, અવીચળ રાજ;
રાજનીતીમાં રૈયત પાસે, વરતેછે ગરીબ નીવાજ. દીલ્લી.
અદલ મજો ઈનસાફ રૂડેરો, કરે અદલનાં કાજ. દીલ્લી.
મુગલ ગાદી મહીતળ તપજો, છે સહુના શીરતાજ. દીલ્લી.
કાજી કુરાનો વાંચે કળાથી, પ્રેમની બાંધીછે પાજ. દીલ્લી.
ગરીબ તવંગર સર્વ છે સરખા, એષ્ટ લધુ સરખાંજ. દીલ્લી.

અકબરશાહ—બડી અચ્છી ચીજ બનવાઇ. બીરબલ, ઉનકું દોસો અસરૂપી દે દો. ઓર શીધે શામાનકી ચીઠી લીખ કે બંદોબસ્ત કરો.

બીરબલ—બોત અચ્છા બંદોબસ્ત કરેગા જહાંપનાહ.

અકબરશાહ—શીપાઈ, કચેરી બરખાસ્ત કરો.

(શીપાઈ કચેરી બરખાસ્ત કરે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો. **અકબર** અને **બીરબલ.**

અકબર— (**બીરબલ પ્રત્યે**) **કેરબો.**

મેરે બેગમ ખાને અંદર, પછીતો પેસેગા,
પછી ના પેસેગા, ચોકી પેહેરા રહેવેગા. ટેક.
બાત સુનકે બેહદ મેરા, દીલ હુવા બેહોશ;
પૃથુરાજકી પ્રીયા નજરસેં, એહી બડા અફસોસ. મેરે.
જબ નીશાની બોલા તબહી, અજાયબીકી બાત;
પ્રપંચ રચવો પુરન અબહી, કરી પતીતકી ધાત. મેરે.

દુર દેશાવર અબી નીકાલું, પૃથુરાજ કમજાત;
પીછે ઉનકી પ્યારી સાથે, કરૂં ગુજરી બાત. મેરે.
જબમેં એસી બાત સુનકે, જલતા મેરા જાન;
આલા બેડા પાર ઉતારે, જીવ કરૂં કુરબાન; મેરે.
રજપુતાની અચ્છી નારી, રૂપ ગુન ભંડાર;
ઈશક બાજીમેં મગ્ન રહેગા, ખેલું ખેલ અપાર. મેરે.
મેરા ઉને શીશ ઉડાયા, એસી પ્રગટી આગ;
કબી ન છોડું ઉનકી ઔરત, રચું ફંદ અથાગ. મેરે.

બીરબલ મેરા જાન બાત ગભરા ગયા જબ પૃથીરાજકી ઔરતકું મીલું તબ મેરા જાન ખુશ રહેગા નવ રોજકી બજારમે ઉનકા જોગ મીલેગા. કયું તતબીર રચું ?

બીરબલ—રજપુતાંકી બેટીકી છેડ કરનેમેં કુચ્છ ફાયદા નહીં હોતા મગર આપ એહી બાત છોડદો.

અકબર—મેં કબી મત છોડુ. બીરબલ મેરેકુ નારાજ મત કરો મેરેકું દીલાસા દેદો ઓર મેરેકું કે'દો કે તુમારા કામ ફતેહ હોગા કબી ઉનકું છોડનેકી બાત મતકરનાં.

બીરબલ—આપકા જેસા બીચાર ચાવ સો કરો.

અકબર—   બનઝારો.

મેં ઉનકું કબી મત છોડું, અબ જાકે પતીવ્રત તોડું;
વો હે રજપુતકી બેટી, અબ ગરદન મેં કરૂં હેઠી;
સબ બાત સુની દીલ ચોહોડું. મેં૦
સુની મેને અજાયબી કેસે, અંદર પંછી નહી પેસે;

ઓઝલમેં બેગમ જોડું, મેં ઉનકું કબી ન છોડું;
કરી પ્રપંચ ફોડું પલમે, દીન રેન ઝુરી મરૂં દીલમે;
વો દુઃખ શીર નહીં થોડું, મેં ઉનકું કબી ન છોડું.
હે પૃથુરાજકી પ્યારી, જબ કરૂં મેરી દીલદારી;
ચલ જલદી ઇહાંસે દોડું, મેં ઉનકું કબી ન છોડું.

(જાયછે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—અકબરશાહનો મેહેલ. **બાદશાહ અને બેગમ.**

અકબર— **(લાવણી—કુદરતના કરનાર)**

હે પ્રાણ પ્રીયા અબ, સત્ય બચન સુન મેરા;
આી વર્ગ અંદર પુરન પ્રેમહે તેરા;
મેરી સચ્ચી જાની બાત કામ ફરમાતું;
તું બચન ધરે અબ ધ્યાન, હુકમ ઉઠાતું.
પૃથુરાજ તણીહે નાર, ઇદર તુમ લાવે,
તું મેરી હે દીલદાર, ઉદર તુમ જાવે.
મેરી બાત સુનો આવાર, ગુલાબી ઘેરા;
હોજાઉ મેં તાબેદાર, પ્રીયા અબ તેરા.

મેરી પ્યારી માશુક તેરી ભેણુ પૃથીરાજકી ઓરતહે વો મેને કબી દેખી નહીંહે એક દફે ઉનકી ખુબસુરતી સુનકે મેરા જાન ગભરાને લગા લેકીન વો બાતકો તું મેરા ખુલાસો કરદે તબ મેં તેરા તાબેદાર હો જાઉ પ્રીયા.

બેગમ— **રાગ ઉપરનો.**

સીંહણુકો નાંહી શીકાર, હાય કદી આવે;

ખાવીંદ હમારા કામ, ઔર ફરમાવે.
છંછેડે નાગન કાલી, કાટશે પલમે;
તુમ કરો જીકર નાખુદ, બીચારો દીલમે.

હજુર વો બાતમેં ફાયદા નહીં હે લેકીન વો ફંદા છોડદો.

અકબર— **જીલ્લા ગજલ.**

દીલદારહે મેરી, દીલદારહે મેરી;
નાકર ઐસે બાત પ્રીયા, દીલદારહે મેરી.
સુરત ઉનકી મે ના દેખી, તલપી જીયરા જાય;
જીવજાન મેરી જાન, બીન અફસોસમાં ઠેરાય;
ખુલ ખુલ મૃગલી બેશક મારે, ખેંચી બાન કમાન;
ઘાયલ હુવો ગુલાબી ચેહેરો, મેરા બચનતો માન;
મરજાતાહું માશુક ઉસ્કા, બોત બડા બીજોગ;
વો કામહે તેરા બેલાશક, મીટા કરા સંયોગ.

પ્યારી જબલગ ઈસ બાતકી દેર લગાતી તબ મેરા જાન બાવરા હોજાતાહે. મેરેકું સેજમેં નીંદ આતી નહીં અબ જેસે બાદલમેંસેં ચંદ્રકા પ્રકાશ હોકે પ્રકાશ હોજાતાહે તેસા ચંદ્રવદનીકા સ્તવનસેં બિચાર આકે જીવ ભટક ફીરતાહે ફીર એક દફે મેરેકું મીલાના ચઈએ. તેરા અહેશાન મેં કભી નહી ભુલું, કયું માશુક.

બોગમ—હજુર આપકા બોત આગ્રહહે તો મેં આપકી ખાતર એક દફે ઉદર જાકે ઉસકા અભીપ્રાય લેકે ઇદર આઉં.

અકબરશાહ—જીતે રહો મેરી પ્યારી માશુક.
(જાયછે ડ્રોપસીન પડે છે).

अंक ३ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—પૃથુરાજના શયનગ્રહમાં તેની **સ્ત્રી** અને **દાસી** બેઠાં છે ત્યાં **બેગમ** પ્રવેશ કરે છે ત્યાં—

દાસી— કેરબો.

સુણો શાણી મારી બાઇ, બેની મળવા આવીરે;
બેની મળવા આવીરે, ભલી રીતે ભાવીરે. ટેક.
સુર્ય કમળ દિનકરથી ખીલે, સુંદર થઇ સંકેત;
ચંદ્ર કમળ ખીલે ઈંદુથી, એવાં પ્રગટે હેત;
ઘણે દીવસે ઘેર આવીયાં, કરો વીનોદી વાત;
હળી મળીને દિવસ ગુજારો, રમો જમો ભલી ભાત.
(દાસી આદરમાન આપે છે બેગમ દાખલ થઇને).

બેગમ—(પૃથુરાજની સ્ત્રી પ્રત્યે) મેં તેરેકું મીલનકું આઇહું.

પૃથુરાજનીસ્ત્રી—ઘણે દીવસે દર્શન દીધાં જેમ પપૈયો પાણીની રાહ જોયા કરે અને મયુર વરસાદની રાહ જુવે તેમ હું તારી વારે વારે ખબર પુછ્યા કરતી હતી. ભલે આવી દાસી પાન સોપારી લાવ ને બેનને પવન નાખ. કેમકે ઘણા દીવસ થયા ઘેર આવી છે

માટે ઠીક થયું વારૂ તમારે સર્વે બાબતથી સુખ છે અને તમામ સુખી છે તેની વાત સંભળાવો. તમારા રાજવળાની વાત શી કરવી! તમારે મોટી બાદશાહીની શું ખામી હોય!

બેગમ—(તુંને કુમળા જીયરવા ઓ પીતા મારો. એરાહ.)

દીલ્લી તખ્ત બતાવું હે બેની મોરી;
જલમલ જલમલ જ્યોત પ્રકાસે નાચે અપ્સરા ગાવું;
ઇંદ્ર પુરી જેવી શોભા વસીછે ઇચ્છે સુખ શું આવું;
સત્વર ચાલ તું સાથ અમારી શીર ચમર ઢળાવું;
હજાર દાસીયો પાસે હજુરી તારો હુકમ ઉઠાવું.

તું મેરી સાથ ચલ દસ બારા દીન રહી પીછી ઈધર આવજે તેરેકું સબ દીલ્લીકા જનાનખાનાં ઔર રાજમહેલ દીખાઉ મેં તેરેકું બુલાનેકું આઇ હું કે તું મેરી સાથ ચલ તેરેકું સબ બાદશાહીકા ઝરૂખા દીખાઉં બોત અછી મજા હે બેણ.

પૃથુરાજની સ્ત્રી—મારા નસીબમાં અહીં બેઠાં બાદશાહી છે. ઇશ્વરે આપ્યો તે પતીને શંકર બરાબર શેવી પતીવ્રત સાચવવું એ શાસ્ત્રનો લેખછે.

બેગમ—દીલીકી બાદશાહીકા બ્યાન કરનેકું મેં અશક્ત હું શીર તેરેકું જરા કહું તે સાંભળ.

ઠુમરી ભેરવીની ચાલમાં.

(મેતો શાહજાદેકું દુંદન ચલીયાં રે. એ રાગ.)

ચાલો લેવાને સંસારીક લહાવોરે. ટેક.

પૃથુરાજ છે પ્યારો નોકર દુર દેશાવર જાવોરે, ચાલો.
દીલ્લી તણો દરબાર બતાવું મોતીડે મેઘ વરસાવોરે. ચાલો.
અતર ગુલાબી ચીજ અનુપમ અંગ પામેછે ઉત્સાવોરે. ચાલો.
મેરે હજુર બહુ ચાહે તમને કરવા આલીંગન આવોરે. ચાલો.

પૃથુરાજની સ્ત્રી—(ચમકીને) આશાગોડી.

ધીક્છે જીવતર તારૂં ચંડાલીણી ધીક્છે જીવતર તારૂં;
તારી જીભે કાંટા ન ઉગ્યા, અઘટીત વચન ઉચાર્યું; ચંડા.
કુટણી કેરો ધંધો કરવા, વિપરીત મનમાં વિચાર્યું; ચંડા.
પાપી જન તુજ જેવાં પ્રગટ થઈ, ક્ષત્રી બી કર્યું ખારૂં; ચંડા.
સતી તણું આ સત્ય ચુકાવવા ધીઃક તેં મનમાં ધાર્યું; ચંડા.

અરે દુષ્ટ હત્યારી તારૂં મોઢું અળગું કર કે આ પૃથ્વી ઊપર તું જેવાં પાપી રત્ન પેદા કીધાં અને સતીનું સત ચુકાવવા તારી જીભ ત્રુટી કાં ન પડી અને અધરથી તુંને કાળે કાં ન ઝડપી લીધી કે આવું કૃત્ય કરવા હીંમત ધરી.

બેગમ—(શાંતીથી) ધનાશ્રીની ગજલ.

નવ કર દિલ નિરાશ, બેની મારી, નવ કર દિલ નીરાશ; ટેક.
ખાખરાની ખીસકોલી શું જાણે, આંબ ફળની મીઠાશ; બેની.
કુસુમ કમળપર ફરે મધુકર, મન ગમતી ફુલ બાસ. બેની.
એક વખત તું ચાલ હું સાથે પ્રેમનો કરવા પ્રકાશ. બેની.

પૃથુરાજની સ્ત્રી— રાગ ક્ષત્રી કલંકનો.

ચંદ્ર રાહુ શશી ફરી જાય, મુગલોનું મુખ જોવું નથીરે;
રંક ગોળ હા ટોડો ખાય, પતીવ્રતા છું શુદ્ધ સતીરે.
લાજે એથી ક્ષત્રી વીર માત; મુગલો.

જ્યારે અત્રજો કરૂં ઉતપાત, મુગલો.
કરૂં નહીં કદી અઘટીત કર્મ; મુગલો.
પતી વ્રતાનો છોડું ન ધર્મ. મુગલો.
સીંહણ દુધને મણીધર નાગ; મુગલો.
છેડ કરવાથી ત્રુટશે ત્રાગ, મુગલો.
દુષ્ટ બેન દેખી દીલ દાઝ. મુગલો.
જોઈ ચડે અતી મને ઝાંઝ, મુગલો.
બીજી હતે તો મારૂં આ ઠામ, મુગલો.
મને દીલ લગાડે કુડો ડામ. મુગલો.
દુષ્ટ જવન દેખી આવે ઝેર; મુગલો.
જેવી આવી તેવી જા પાછી ઘેર. મુગલો.

ચંડાળ તારૂં મોહું આ વખત છુપાવ. ખરે તેં સતી નારીની છેડ કરી. બેન જાણી મારૂં દીલ ખેંચુંછું પણ બીજી હતે તો તેની જીભ તેજ વખત ચુંટી કાઢત. ખેર ઈશ્વરી બનાવ આવું કૃત્ય કોઈ દીવસ કરવા હીંમત ના ચલાવતી યાદ રાખજે.

(વીલે મોહે બેગમ જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—અકબરશાહનો ખાનગી મહેલ.

બેગમ અને દાસી.

બેગમ—બાંદી હજુર કાયકું ન આવ્યા ઔર બોત દેર હુઇ.

દાસી—બાઈ સાહેબ હજુર આતાહે.

(અકબર આવેછે.)

અકબર— **ગઝલ.**

(સરકાર રજા દીજીયેં જામીનગાર હું. એ રાગ.)

પ્યારી હે દીલોજાન, ખુશીકી ખબર વોદે;
દીલ ચહાતાહે મેરા અભી, નવીન બાત કહે.
તેરા અધરકી લાલી, મેરા જાન નીકાલે;
નેનાંકી અજબહે છટા, ખુબ સુરતી ન્યાળે.

પૃથુરાજકી ઓરતકી હકીકત સુનાઓ.

બેગમ— **બીરહ બારમાસી.**

બાત સુને પીયા પાસ હમારી, ઓાહી પતીવ્રતા નારી ખરીરે;
સત્ય કભી તે કયુ કે ન કદાપી, કલ્પ ખરો દિલ માંય કરીરે;
ચંદ્ર ફીરે કભી સુર ફીરે નભ, તારા મંડળ ત્યાગે ગતીરે;
ચોટ ચુકે નહીં સીંહન કબહુ, શુદ્ધ શીકાર કરેછે સતીરે;
પુર્વ થકી રવી પશ્ચીમ ઉગે, શેશ ન માઝા છોડે કદીરે;
શુદ્ધ પતીવ્રતા સત્ય ન ચુકે, હંસ ન કગવા થાય બધીરે;
ગુસે થઈને જ્ઞાન ગુમાવ્યું, નીર્લજ કપટી મેં હું ઠરીરે;
થર થર કંપત કાય હમારી, દિલકી અંદર બોત ડરીરે.

બડા ઇલમ કીયા પન વો કભી ટેક છોડી બુરા બીચારકી બાતાં નહીં સુંની. બડી ચાલાક હે!

અકબરશાહ—ખેર જેસી ખુદાકી મરજી. અબ બડા ફંદ કરને બીગર છુટકા નહીં હે. નવ રોજકી બજારમેં કભી ન છોડું. ઉસ્કા જાન નીકાલું પનવો ખુલ ખુલ મેં તાબેદાર કરેગાં, તબ મેરા જીવ શાંત હોયગા.

(જાયછે).

પ્રવેશ ૩ જો.

સ્થળ—બીકાનીર, પૃથુરાજની સ્ત્રીનો મેહેલ—**રાણીનેદાસી.**

પૃથુરાજની સ્ત્રી—(દાસી પ્રત્યે) અહા સખી વસંતપંચમી તો આવી ચુકી. હવે વસંત વધાવવાની અને દેવીનાં દર્શન બગીચામાં કરવાનાં સાહીત તૈયાર કર.

દાસી—બહુ સારૂં બાઇ સાહેબ, ચંદન પુષ્પ અગર વાટ વીગરે પુજાનો સામાન હમણાં તૈયાર કરી લાવુંછું

(લાવેછે)

પૃથુરાજની સ્ત્રી—દાસી સાંભળ-**રાગ** સીતાજીના મહીનાનો.

ધર્મ નીતી ધરા કેરી માંય, સતી પણું સાચવું;
રક્ષા કરશે રૂડી અંબેમાત, જઈ પાસ જાચવું;
મારા પીયુજી વશ્યા પરદેશ, સુનું પંખી શું કરૂં;
નથી સજવા સખી અલંકાર, પીયુ વીના પરહરૂં;
જેવી ચંદ્ર વીનાની છે રાત, કમળ કેરી પાંખડી;
મોંઘા મધુકર વીણુ સદાય, ઝુરૂં રાતી આંખડી.

દાસી— **મારારે સ્વામી બોલોની વાલા એરાગ.**

ખરે કાચી કળીયો જોબન વેલી;
ઘણી રીતે નથી આ ખીલેલી; ખરે.
ખીલે જેમ કેશુડાં રૂતુ વસંત;
કોમળ તરૂ ખીલે તરૂણમાં કંથ. ખરે-

સ્ત્રી—દાસી તારૂં કહેવું બરાબર છે પણ તપ વીના રાજ મળતું નથી અને ભાગ્ય વગર નીર્મળ નાથ મળતો નથી.

જોબન ખીલી રહ્યું છે પણ મોંઘા મધુકરે વાશના લેવા દુર જઈ વાસ કરેલછે તેથી નવજોબનની ખીલતી બાગ ઝાંખી લાગે છે.

દાસી—બાઈ સાહેબ તમારૂં કહેવું વાસ્તવીક છે. આ સંસાર સાગરની અંદર પરમેશ્વરે પશુ પ્રાણી પેદા કરેલાં છે તેમાં મનુષ જાતી સર્વોત્તમ ગણાય છે. તે સદ ઉપાયથી ઇંદ્ર વૈભવ લેવા ઘટતા ઉપાયો લઈ સ્વર્ગ ભુવનની શીમા તપાસવાને શક્તીમાન છે.

સ્ત્રી—ચાલ હવે વાતો કરવાથી કાંઇ વળવાનું નથી કર્યું તે કામ.

(જાયછે).

પ્રવેશ ૪ થો.

સ્થળ—રસ્તો. (દાસી પ્રત્યે)

પૃથુરાજનોસ્ત્રી— (ઠમકું છોડ ચલે બન માધુ.)

ચાલ સખી જઇએ વંસત વધાવા, દેવી પુજન કરવાનેરે;
તપ તીરથથી વૈકુંઠ મળશે, ધ્યાન નીરંતર ધરવાનેરે. ચાલ.
સાર નથી સંસારની અંદર, જુઠી બાજી જાણો સહીરે;
પાર ઉતરવાનો પંથ નીહાળો, જે થકી મોક્ષ ગતીથી રહીરે. ચાલ॰
શંકર સમ સ્વામીને શેવી, દર્શન લાભ ધરી દીલમાંરે;
ઇશ્વર પુરે આશ નીરંતર, પુરણ કામ કરે પલમાંરે. ચાલ॰

દાસી— **આશાગોડી.**

નીમળ ભક્તી તમારી, ખરી બાઈ નીર્મળ ભક્તી તમારી,
સીતા કુંતા શ્રેષ્ટ મનોહરી, શુધ પતીવ્રતા નારી. ખરીબાઈ.

અહલ્યા તારા ધન ધન દ્રોપતી, સત્ય દીલે ધરનારી. ખરી૦
ધર્મ પ્રમાણે ધ્યાન પતીનું, નીત્ય પુજા કરનારી. ખરી૦

તેમ બાઈ આપ સતી રૂપછો તેથી આપનો સદા જય કરી ઇશ્વિર પ્રતીદીન સૌભાગ્યવંતી રાખશે. હવે ઢીલ ઘણી થઈ માટે ઉતાવળાં ચાલો.

સ્ત્રી—બહુ સારૂં, દાસી તારાં વચનો જેમ પપૈયાના કંઠમાં વરસાદની ધારા પડી તૃપ્તી પામે અને જેમ ચકોર ચંદ્રને જોઈ અમૃત સુખ પામે છે તેમ તું મારૂં અંતઃકરણ નીરંતર પ્રફુલીત રાખે છે. ખરે! તું દુઃખમાં દિલાસાદાર જણાય છે.

(એમ કહી જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—દેવીનું મંદીર, અને બગીચો, **દાસી**, અને **રાણી**.

રાણી—(દાસી પ્રત્યે) **લાવણી (દક્ષીણી રાહ)**

વનલતા ખીલી, શું ફાલી ફુલ વાડીરે;
ફુલ ગુલાબ, ધરી ખીતાબ, ફુલની છાબ,
છે ગરકાબ, ઝુલી રહી છે ઝાડી. ટેક.
ચંપો નાગરવેલ, મોગરો અગાડીરે;
દ્રાક્ષવેલ, બહુ ખીલેલ, તરૂંન કેળ, છે ઉભેલ,
લીલી ઓઢી સાડી. વનલતા.
વાયુ મધુર વાય, દીલ ખુશી રહે દાડીરે;
પક્ષી નાદ, વદીને વાદ, સ્વર અનાદ, કરવા યાદ,

ઓપતા અખાડી. વનલતા.
પિયુ વશ્યા વિદેશ, દીવસ દુઃખમાં કહાડીરે;
ભમર દુષ્ટ, ગુંજી કષ્ટ, કરછ ભ્રષ્ટ,
તું સપષ્ટ, વિજોગણી નસાડી. વનલતા.
કણેર ચંબેલી, ફુલ દાવદી છે વાડીરે;
હવે ગુલાબી, કરે સતાબી, મુદત લાંબી;
દીલ દાબી, કામ છે રંજાડી. વનલતા.

અહા આ બટ મોગરો મારૂં મન બેહોંશ કરી મને વીહંણીને વીશ્રમ કરવા બળતામાં વારી નાખે છે. ખરેખર આ મધુરો વાયુ મારી મન શક્તીનું હરણ કરી દીલદગ્ધ કરે છે. ખરેખર આ ચંપા વૃક્ષ સાથે વિંટેલી નાગરવેલ મને ખેદ કરવા લપેટી પોતાનું અહંકૃતીથી અલંકાર બતાવી મારા જોબનને ઝોલું ખવરાવી પતીવ્રતાને ખલેલ પહોચાડવા હીંમત ધરે છે પણ કદી ધ્રુવ ચળી જાય, મેરૂપર્વત માઝા મુકી ડગી પડે ને સાગર પોતાની હદ છોડી રેલી પડે તોપણ ઠરેલ બુદ્ધિવાળી ત્રીયા કલ્પ ક્રરતાં તલક પોતાનું વ્રત ભંગ કરનારી નથી.

(વસંત વધાવે છે)

દાસી— (લાવ્ય લાવ્ય સખી એક કાગળ લખીયેં હરીનેરે)
તમે શુધ પતીવ્રતા નારી ધર્યો પગ ધર્મેરે;
શીયળ રાખે સલામત ઈશ, પ્રેમથી પર્મેરે;
એછે બુડત જન કેરા બેલી, ભક્તો તણા ભેરૂરે;
ચાલો સત્વર આપણે જઈએ, દેવી તણે દેરૂરે;

આપણે વંસવની પુજાતો કરી હવે ચાલો દેવીને મંદીર, પુજન કરીયે.

સ્ત્રી—(દેવીના મંદીર પાસે જઇને કાખમાં થાળ રાખીને)

(તુંમ કુમળા જીયરવા ઓપીતા મોરા એ રાગ).

નમું આદ્ય ભવાની, હે માતા મોરી. ટેક.
ચંદ્રમુખી પ્રીય શોભા પ્રફુલીત, ચુડી પેહેરી અસમાની. હે૦
ભીન ભીન શેવક ભજન કરેછે, ખરે છો રૂપ ખાણી. હે૦
ખાસ પુરો અમ આશાહે જનુંની, અમર સ્થાપો અજ્ઞાની. હે૦
રાત દીવશ હું રટણ કરૂંછું, ધરૂં ધ્યાન ભવાની. હે૦
મન વાંચ્છીત ફળ અમને આપો, કાપો પાપ નીશાની હે૦
શર્દ ઇંદુ કેરી કાંતી છે અતી, મતી આપો મનમાંની. હે૦
વચનામૃતથી પુષ્પ ઝરેછે, શર્દ ચંદ્ર સમાની. હે૦
જીવતદાન આપો જુગતંબા, ન્યાળો અરજ આ નાની. હે૦

હે જગત જનુની મારૂં પતીવ્રત આબાદ રાખવું એ તારે હાથછે. મને કોઇ જાતનું દુષણ ન લાગે તેવી બુદ્ધિ સદાય આપજે, એવી મારી ઈચ્છા છે. (દર્શન કરીને જાયછે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ--પૃથુરાજની સ્ત્રીનો મેહેલ, **રાણી અને દાસી.**

સ્ત્રી—દાસી આજે લગભગ બે માસ વીતી ગયા પણ પ્રાણનાથે પત્ર લખ્યો નહીં માટે હવે આપણે દીલ્લી જવાનું કરો કેમ કે નવરોજનો મેળો નજદીક આવ્યો છે તેમાં તમામ રજપુત લોકોની સ્ત્રીયો ભરાશે તે

જોઈ આનંદ પામશું.

દાસી—બહુ સારૂં મારે પણ કહેવાતુંજ હતું પણ બાઈ ગુસે થશે તેથી અગાઉ બોલવું તે ગેરવાજબી ગણી છાની રહી શબ્દનો ઉચ્ચાર કર્યો નહીં હતો તેવામાં આપ 'ભાવતુંતુંને વૈદે કીધું' તે કેવત પ્રમાણે આપે વીચાર જણાવ્યો તેથી ચાલો તેની તૈયારી કરીએ. કેમકે દીલ્લી ઘણી દુર છે. (જાય છે.)

अंक ४ थो.

પ્રવે ૧ લો.

સ્થળ—અકબરશાહની કચેરી. **અકબર, બીરબલ** અને **પૃથુરાજ** વીગરે.

અકબર—બીરબલ અપના રાજ બોત આબાદી પર હે મગર રજપુત લોકો અચ્છી તરેહસેં નીકમહલાલીસેં નોકરી બજાતા હે લેકીન ખેરખાયા હો ગયા બાસ્તે કીસીકું દુઃખ નહીં હે.

બીરબલ—જહા પનાંહ આપકા અદલ ઈનસાફહે ઔર આપકા નેકી રાજહે ઉસ્મે કયા બીપતહે સબ લોકોકું અદલન્યાય મીલને લગા ઉસ્મે કયા ખામીહે.

(એટલામાં એક શીપાઈ આવી કાગળ આપેછે એટલે)

અકબર—બીરબલ વો સીપાઇકું મેરીઆગે ખડા રખો.

બીરબલ—(શીપાઈનો હાથ પકડી અકબર પાસે લઈજાયછે.)

અકબર—વો કાગદ તુમેરેકું કીને દીયા.

બીરબલ—સાહેબ મેરેકું સીંધકા રાજાને દીયા. માલવદેશમેં બંડ ઉઠયાહે ઔર લડાઈમેં બોત આદમી કતલ કર ડાલા ઇસીબાસ્તે આપકી આગે આનેકી જરૂર હુઈ.

અકબર—બીરબલ એહી રજપુત લોકોકા સબ રાજા બૈઠાહે ઉસ્મે કોન બડા જોરાવરહે? ઔર કોન વો બંડકું પતા દેવે ઐસાહે.?

બીરબલ—જહાંપનાહ જીસ્કુ હુકમ કરો વો મોજુદહે.

અકબર—(સર્વે તરફ નજર કરી) મેરી નીઘામે પૃથુરાજ રાઠોડ આતાહે. વો બડા ચાલાક ઔર બહાદુરીમેં બોત હુશીયારહે તબ પૃથુરાજ તુમ બો કામ ઉઠા શકોગે ?

પૃથુરાજ— **રાગ ક્ષત્રીકલંનો.**

મર બાલાનો વરસે જ્યાં મેઘ, ક્ષત્રી શું પાછી પાની કરેરે;
ઉડે ઝાટકા ઝણુ ફરે તંગ, દુષ્મન દેખી કેમ ડરેરે;
હઠે શુરો રણે થકી જાણુ. ક્ષત્રી.
તોતો પડયો ક્ષત્રી કુખે પહાણ. ક્ષત્રી.
કાઢી ખડગને કોરે મુકે શીશ. ક્ષત્રી.
ચોટે પડાવે શુરાઓને ચીશ. ક્ષત્રી.
માટે હુકમ ઉઠાવી હું જાઉ. ક્ષત્રી.
બલવા ખોરને બાંધી લાવું. ક્ષત્રી.

અકબર—અલાહ અબાદ રખે તુમેરેકું. ચહાય ઇતના લશ્કર લેકે ચલા જાઓ. શાહબાસ વીર પુરૂષકું! રજપુત

હીંદુસ્તાનમેં નાંહી હોત તો સબ આલમકા નાશ હો-
જાતે. બડા ખબરદારહે. બીરબલ સબ લશ્કરકું ભે-
જદો દેર મત કરો વો કામ પૃથીરાજકાજ હે.

બીરબલ—બોત અચ્છા જહાંપનાહ આપકા હુકમકા તાબેદાર
હું. ઉસ્કા બંદોબસ્ત કરકે ભેજુંગા.

અકબર—શીપાઈ કચેરી બરખાસ્ત કરો.

(કચેરી બરખાસ્ત.)

પ્રવેશ ૨ જો.

સ્થલ—રાજમેહેલ, **બાદશાહ અને બેગમ.**

અકબર—(રાજા હુમેં કોમકા ઓર ઇંદ્રિ મેરાનામ)

સીંહણ કેરા અબી શીકારે, જવું જરૂર દિલજાન;
પ્યારી મેરી વો પ્રીયા, હે, જીવ કરૂં કુરબાન;
ચંદા જેસી ચંદનીસેં, ખીલે લેજ સમાજ;
એસે મેરે મેહેલમેં, અબ, બીજ ઝબુકે આજ.
ધનધારા અમૃત ઉર ભાસે, કરતી હાસ્ય વિનોદ;
મોલા કેરી મેહેર હોકે, ચોંપે કરના શોધ.
કુંજ બચાંકી કીંમત કબહુ, પામી શકે નહીં પાર;
હુવે સબ બાદશાહી મેરી, ફના કરૂં આ વાર.

બેગમ— **રાગ ઉપરનો.**

ખાસ કહુંછું ખાવીંદ તુમકું, મેરા બચન ધરી કાન;
પરઘર આંબા બોત પકતવો, અપના ઉર નવ જાન.
સુતો સીંહ કબી નહીં છેડો, હાલ કહું મેં હજુર;

રજપુતાંણી રોષ પ્રગટશે, જોબન હે ભરપુર.
કાલી નાગન કેરી હાંસી, કરો ન દીલો જાન;
અદ્દલ બચન મેરા ઉર ધરકે, કરો નહી અપમાન.

અકબર—અપ શુકની તેરા મોં છુપાવ, મેરે રંગમે બીઘનકી બાત ચલાતીહે ચલ મેરી સાથ. (જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—નવરોજની બજારમાં સર્વ સ્ત્રીયો એકડી થએલ છે તેમાં અકબરશાહ સ્ત્રીનું રૂપ ધરી લાજ કાઢી સર્વને તપાસતાં પૃથુરાજની સ્ત્રી એક તરફ નજરે પડેછે તે લાજ ઊંચી કરી જોતાં પૃથુરાજની સ્ત્રી કપટ જોઇ ચેતી સાવધ થઇ જેવો અકબર સ્ત્રીને વેશે પકડવા જાય છે કે સીંહણની માફક ઠેકી તેનું ગળું થોભી પછાડી છાતી ઉપર બેશી પોતાની બગલમાંથી એક ભયંકર તીવ્ર ચકચકીત કટાર કાઢીને ગુંઠણીયાં છાતીમાં ભરાવી દાઢી પકડી.

પૃથુરાજનીસ્ત્રી— રાગ ક્ષત્રી કલંકનો. (ક્રોધથી)

કરૂં કતલ આ તીવ્ર કટાર, મુગલ રૂપી ભક્ષ મળ્યોરે;
નીશ્ચે છેડીછે પતીવ્રતા નાર, ચોરાશી તણો ફેરો ટળ્યોરે.
કાળી નાગણ છંછેડી આવાર; મુગલ.
શોધી કર્યો ન બીજો શીકાર. ચોરાશી.
નથી ખુટયાં ક્ષત્રાણીનાં નીર; મુગલ.
સતી તણાં શું તાણે ચીર. ચોરાશી.
હજુ વાઘેશ્વરી બૈચર માત; મુગલ.

માર્યો મુર્ત્ર બોલાવ્યો સાક્ષાત. ચોરાશી.
હજુ આદ્ય ભવાની શરીર; મુગલ.
રક્ત બીજનું પીધું રૂધીર. ચોરાશી.
માર્યો શુંભ નીશુંભને ઠાર; મુગલ.
કોપી કાળકા ભક્ષ કરનાર. ચોરાશી.
દુષ્ટ કોણ કરે દગા બાજ; મુગલ.
એવો વીર ન દેખું આજ. ચોરાશી.
હજુ રાણીક દેવી રાહખેંગાર; મુગલ.
શશી વદની જેગલની નાર. ચોરાશી.
બુદી કોટા હાડાતણી બાળ; મુગલ.
માલ દેવ હઠ્યો તતકાળ. ચોરાશી.
રાખ્યો મીઢોળ ભરીગો એજ; મુગલ.
કેમ પાછી પાની કરેજ. ચોરાશી.
શાને નાખ્યો સર્પ દરે પાય; મુગલ.
ફુંફાટો કરી ફાંફડી ખાય; ચોરાશી.
કપટી કુકર્મી કેમ ફાવીજાય. મુગલ.
મણીધર મણી લેવા ચ્હાય. ચોરાશી.
હજી બતાવ્યો નથી મારો હાથ; મુગલ.
ઘડી માંય કરૂંછું તારી ઘાત. ચોરાશી.
કરો બંદગી ખુદા કેરી આંય; મુગલ.
છોડું નહીં હું કોટ ઉપાય. ચોરાશી.

અકબરશાહ—(નમનતાઇથી)

(અરે જોગી તું લે ભીક્ષા) એ રાહ.

અહા પૃથુરાજકી પ્યારી, સુનો એક બીનતી મારી;
ભુલાયા ભાન ખુદા મેરા, ત્રીયા એક આશરા તેરા;
છોડો અબ એક દફે મુજકું, કભી મત નામ લેઉ તુજકું;
પતીવ્રતા આપહો સચ્ચી, અબી મેરી બાત સુનો અચ્છી;
કભી મત નામ લેઉં તેરા, ખુદા કસમે સુનો મેરા;
અમાં મુજ છોડદો આપકા, માગું અબ પાસમેં માફકા;
ખરી ક્ષત્રી બાળ મેં જાનું, તેરા ઇનશાન મેં માનું.
લગે અબ ભેણ તું મેરી, કભી મત છેડ કરૂં તેરી;
ખુદા બાસ્તે છોડો મુજકું, મારી અપરાધ કહેનાં તુજકું.
કસમ કુરાનકા મેરે, લુંટાયા લાજ નાહક ઠેરે;

મૌલાકે બાસ્તે મેરા બચાવ કર મેરીપર નેક નીધા રખકે મેરી જાન ઇસબખત બચાના ચઈએ. તેરા ઇનશાન કભી નહીં ભુલું.

સ્ત્રી—આ વખત તમારી ઘણીજ આજીજી જોઈ છોડી મુકું છું પણ આજથી ખબરદાર રજપુતાણીની છેડ ના કરજો. એ કાંઇ બાપનો લાડવો બોટી જવાનો નથી. ચાલ્યા જાઓ સીધે રસ્તે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—અકબરશાહનો મેહેલ, **બાદશાહ ને બેગમ.**

અકબરશાહ—(પોતાની સ્ત્રી પ્રત્યે) **ઇંદ્રસભા.**

(ધરસેંયાન કોન ખુદા એ રાહ)

સુનો તુમહે પ્રીયા ઇનશાનકી ખબર દેઉ અબી;
પ્રીયા પૃથુરાજકી પતીવ્રતા ચુકી ન કબી.
બડી ચાલાક સતી વોહીહે રજપુત માંહે;
બચાયા જાન મેરા ઇસ દફે, જાહીર ત્યાંહે;

બેગમ— રાગ ઉપરનો.

પ્રથમ કીયા મેને ન માની બાત આપ સચ્ચી;
અતી અફસોસકી હે બાત, કેસી રીત અચ્છી.
સુનાયા મેં હજુર આપકું કરાર પ્રીતે,
હુવે નહીં ગર્જવાનકું અકલ અપાર રીતે;
છેડી હાંસીલ કયા હુવા હજુર પ્રીત કેસી,
બુરી દિલગીર મેરેકું સુની વો બાત એસી;

અકબર—(રાજાહુ મેં કોમકા ઓર ઇંદર મેરા નામ.)

હો ચુકા હોનાર હુવાવો, એહી બડા અફસોસ;
સતી નારકું કબી ન છેડું, દીલ હુવા બેહોશ.

(જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—અકબરની કચેરીમાં સર્વ રજપુતો બેઠાછે.

અકબર—બીરબલ રજપુત લોકો બહોત બહાદુર હે મગર ઉસકી ઔરત પન બોત શુરાતનમે માહીતગાર હે લેકીન કલ નવરોજકી બજાર મેં રજપુતાનીકી પરીક્ષા લેને ગયા ઉસમે પૃથુરાજ જેસા અટંકી હે એસી

ઉસ્કી ઔરત પન જોરાવરહે પૃથુરાજકું ખુશી ખબર ભેજ દો ઉસ્કી ઓરત આગે જાકે ઉસ્કા હાથસેં કાગદ લીખાકે પૃથુરાજકું ભેજ દો.

બીરબલ—બહોત અચ્છા, જહાંપનાહ, મેં ઉસકા હાથકા કાગદ લીખાકે ઇદર હાજર કરદઉં. (જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—દીલીમાં પૃથુરાજની સ્ત્રીનો ઉતરવાનો મેહેલ.

દાસી, રાણી ને બીરબલનું આવવું.

સ્ત્રી—(દાસી પ્રત્યે.) આશા ગોડી.

સહાય થયાછે મોરારી, દાસી આજે, સહાય થયાછે મોરારી;
ભક્ત વત્સલ ભગવાનછે ભેરૂ, એકલ બેલી આધારી; દાસી.
પતી વ્રતાની પત રાખીને, દુષ્ટ ચડો ન દુવારી; દાસી.
શરીર છુટે પણ સત્ય ન ચુકું, ધર્મ તણો પગ ધારી. દાસી.

દાસી— ભેરવીની ગઝલ.

તમારા ભેરૂછે પ્રભુ, તરેછે સત્ય આધારા;
કારી ન ફાવે કોઇની, ત્રીયા આકીનછે ખરાં.

(એટલામાં બીરબલ આવીને.)

બીરબલ—જહાંપનાહ એસા બોલા કે મેરી બેંણ પૃથીરાજકી ઓરતકા હાથકા કાગદ લીખકે પૃથીરાજકું ખુશ ખબર દેનાહે. માટે આપ કાગદ લીખકે મેરેકું દેવો પૃથીરાજકું ઇદર બુલાનાંહે.

સ્ત્રી—દાસી લાવ કાગળ અને કલમ ખડીઓ.

દાસી--બહુ સારૂ બાઇસાહેબ હું લાવું છું.

(જાય છે લાવી આપે છે)

સ્ત્રી—(કાગળ લખેછે) **આર્યા ગીતી.**

લેવા પરીક્ષા આવ્યા, બાદશાહને નવરોજ માંહી નકી;
તે સાથે હું બરાબર, શીયળ મારૂં સાચવી શકી.

લો આ કાગળ.

બીરબલ—બોત અચ્છા મેં રજા મંગતાહું તસ્દી માફ કરનાં આપકું બોત તકલીફ દીયાહે.

(જાયછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—અકબરશાહની કચેરીમાં **બીરબલ, ગંગ, લવો, વીગેરે.**

અકબર—(ગંગપ્રત્યે) ગંગ, બીરબલ કાયકુ હાજર નહીં હુવા? મેને ઉનકું કાગજ લેનેકું ભેજાહે ઉસ્કુ બોત દેર હોગઈ વાસ્તે કાયકું હાજર નહીં હુવા?

ગંગ—અબ આયગા, જહાંપનાહ.

(એટલામાં બીરબલ આવે છે.)

બીરબલ—જહાંપનાહ, મેં પૃથુરાજ રાઠોડકી ઓરતકા હાથકા કાગદ લીખાકે આયા ઉસકીપર એક માણુસ ભેજદો.

અકબર—લવા કીદરહે.

લવો—જહાંપનાહ આબાદ રહો આપકા તાબેદાર મોજુદહે કામકા ફરમાન કરો.

અકબર—(કાગળ હાથમાં લઈ) એ કાગદ પૃથુરાજ માલવ

દેશમે હે ઉસ્કીપર ભેજદો.

લવો—બોત અચ્છા જહાંપનાહ (કાગળ આપેછે તે લઇજાયછે)

પ્રવેશ ૮ મો.

સ્થળ—રસ્તો. રસ્તામાં આ કાગળનો ફેરફાર કરી લાવને એક અક્ષર વધારે ખોશી ઘાલું. જોઇએ શું કેશ બને છે. એમ કહી એક અક્ષર મુકીને એક સીપાઈને બોલાવીને.

લવો—અએ સીપાઈ કીદર મર ગયા.

ચાંદખાં—સાહેબ હુકમ કરો મેં હાજરહું.

લવો—આ કાગદ માલવદેશમેં પૃથુરાજહે ઉસ્કુ દેના તુમ દેર મત લગાના. તુમારા પગાર અબ જાસ્તી કરેગા.

ચાંદખાં—બોત અચ્છા હજરત (કાગળ આપેછે તે લઇજાયછે)

પ્રવેશ ૯ મો.

સ્થળ—માળવદેશનું જંગલ **પૃથીરાજની** છાવણી.

પૃથીરાજ—સરદારખાં આપણે લડાઇનો બદોબસ્ત બરાબર કર્યો છે રજપુત લોકોમાં વીરહાક બોલાવી તમામનાં પુતળાં છોડાવી દીધાં છે અને નવકોટી મારવાડ તથા આખા હીંદુસ્તાનમાં બાદશાહની આણુ ફેરવી દીલ્લીનું રાજ કડે કીધેલું છે અને બલવાખોરને ધરતી ખોદી એક આધીન કરી ઘેરો ઘાલે નહીં તેમજ રંજાડ ન કરે તેવો બંદોબસ્ત કર્યો છે.

સરદારખાં—હાજી આપણા બરાબરીયા સામદો એક આદમી લાખ આદમીને ભારે થઇ પડે છે જેમકે—મહા વન-

ની અંદર શીયાળ, વરૂ, રીંછ, વાંદરા, જેમ સાવજની ધાસ્તીથી છુપી જાય તેમ બહારવટીયા આપની પાસે દાંતમાં તરણાં લઈ દંડવત કરી હથીયાર હેઠાં નાખી સ્વાધીન થઈ જાય છે.

શીપાઈ—કોઇ કાગદ લેકે આદમી ખડાહે.

પૃથુરાજ—ખુસીસેં આવવાદો કાંઇ ફીકર નહીં.

(આવીને કાગળ પૃથુરાજના હાથમાં આપેછે તે વાંચીને પૃથુરાજ દીલગીર ચેહેરે થઇને કાગળ લઈ આવેલા માણુસને પુછે છે)

પૃથુરાજ—દીલ્હીમાં શી હકીકત બની તે બરાબર કહી આપો નીકર તમને બરતરફ કરી બેડીને પાત્ર કરવામાં આવશે માટે સાચી વાત કહો.

જાસુદ— **પીલુની ઠુમરી.**

સાહેબ મુજને ખબરછે એવી, કરી જુવંતીએ જોયા જેવી;
કોઈ કહે જે કટાર ધરીને, દીલ્હીપતી નીચે નારીને ટેવી. સા.
નવરોજ કેરી બજારની અંદર, લંપટે ધાર્યું જે આબરૂલેવી. સા.
સ્ત્રીજાતી રજપુત ભરાણી, તેમાં દગલ બનાવેલ કેવી. સા.

પૃથુરાજ—(કાગળ વાંચે છે)

(સરકાર રજા દીજીયે જામીનગારછું એ રાહ)
ધીકાર તું પતીવ્રતા, ધીકાર તારૂં રાજ;
કપાવ્યાં નાક કુળ કેરાં, ઉપની ઈંગાર;
અફીણ ખાઇને તું કેમ, નહીં મરી અરે,

રજપુતને કલંક તેં ચડાવીયું ખરે.

(કાગળ સરદારખાંને આપેછે.)

સરદારખાં—(વાંચેછે) **આર્યા ગીતી.**

સેવા પરીક્ષા આવ્યો, બાદશાહ નવરોજમાંહી નકી;
તે સાથે હું બરાબર, શીયળ મારૂં સાચવી ન શકી.

પૃથુરાજ— **રાગ ક્ષત્રી કલંકનો.**

ધીઃક ધીઃકછે પતીવ્રતા નાર, ધીકાર ત્રીયા બુદ્ધિ તારીરે;
ઉપની ક્ષત્રી કુળમાં ઇંગાર, નફ્ટ બની તુંતો નારીરે.

આવું જાણ્યું જો હોત જરૂર, ધીકાર.
નકી ગુમાવ્યું ક્ષત્રીનું નુર. ધીકાર.
હાથે નાખ્યું નાનું હથીયાર, ધીકાર.
પદ ભ્રષ્ટ બની તું જે વાર. ધીકાર.
રોમે રોમે વરસેછે અંગાર, ધીકાર.
નીર્લજ કુળ લજાવ્યું તેં નાર. ધીકાર.
કારી જખમ કદી ન રૂઝાય. ધીકાર.
કાયામાં ઘણ કોતરી ખાય. ધીકાર.
મારૂં પાણી ઉતાર્યું આવાર, ધીકાર.
સાતવાર તુંનેછે ધીકાર. ધીકાર.

(એક કાગળ લખી આપે છે, તે માણુસ લઈ જાયછે.)

કાગળ વાંચી તું ત્યાગજે જીવ, ધીકાર.
ચોપેં સંભારજે તું શીવ. ધીકાર.
તારૂં અળગુ કરે કાળું મુખ, ધીકાર.

ક્ષત્રી કુળની લજાવી તેં કુખ. ધીકાર.

(ડ્રોપસીન પડે છે.)

अंक ५ मो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—પૃથુરાજની સ્ત્રીનો મેહેલ, **દાસી** અને **રાણી.**

પૃથુરાજનીસ્ત્રી—કુંમરી ભેરવીની ચાલમાં.

૬૭ પ્રાણપતી કેમ નાવ્યારે; ટેક.

કાગળ લખીયો પ્રીત કરીને, સમાચાર નથી આવ્યારે;

મોંઘો મધુકર ભુલો પડ્યો શું, જોગન બનબન જાવારે;

પ્રીતમ ભેટે પ્રાણ પ્રીયાશું, આનંદ ઉર ઉપજાવારે;

દાસી— **સારંગની ગજલ.**

(શેહેર બંગાલો યું ઝુરે થારી ફોજાં ઝુરે મહારાજ)

ધીર ધરો બાઈ ધીર ધરો તમે, મનમાં નવ ગભરાવ; ટેક

કાલે આવશે રાય અમારા, એછે દીલ દરીયાવ. ધીર.

ધીરજનાં ફળ મીઠાં આવે, ગુંણ હરીના ગાવ. ધીર.

(એટલામાં એક માણસ કાગળ આપે છે તે વાંચીને હાથમાં કટાર લઈ પેટ મારવા જાય છે ત્યાં દાસી તથા મનોહર બારોટ તેનું કાંડું પકડીને ઉભા છે ને દાસી આર્જવતા કરે છે.)

દાસી— **લાવણી.**

(અધબીચ મહોબત તોડી એ રાગ)

બાઈ ધીર ધરો, (૨) તમે સાહસ કરો નહીં કામ;
ક્રોધ ધરીને કાગળ લખીયો, હારો નહીં મનહામ.
રજપુત જાતી, (૨) ને તપી જતાં નહીં વાર;
પાછળથી પસ્તાઇ જઇને, ધરશે ધીરજ દાર.
પતીવ્રતા રૂપ (૨) તમે બજાવ્યો ક્ષત્રી ધર્મ;
શીયળ વ્રત અવીચળ રાખ્યું; છોડી નથી કંઇ શર્મ.
સત્ય રાખ્યું છે (૨) એ સાક્ષી સુર્યને ચંદ;
માટે અમારી વીનતી ધારી, કરો કળો આ બંધ.
શુધ સતી તમે, (૨) ઉંચેથી ઇશ્વર ન્યાળે;
સત્ય રાખીયું સર્વે સમક્ષે, ચળ્યાં નથી કોઇ કાળે.

(કટાર હાથમાંથી ખુંચી લેછે તેથી દીલગીરીથી)

રાણી— **(પીયુને તજાવનાર વેરી અલંકાર.)**

સ્વામીનાથ ગુસે થયા શુદ્ધ સતી નાર,
સવળું કરતાં અવળું થયું, કોપ્યા ભરથાર;
શ્રીવર મારી સહાય કરો, જોડું બંને હાથ;
ભક્ત તણા ભેરૂ સદા, નીતી રાખો નાથ.
શીયળ મારૂ સાચવીને, ચાલું હું હરનીશ;
કુડા કર્મે કુડું થયું, જશ નહીં હરગીશ.
કંથે મારા કાળજાની, ગોળી મારી આજ;
પત્ર લખ્યો પ્યારી પરે, દીલે ઉઠે દાઝ.

દાસી—શાંત થાઓ સત્યના બેલી ઈશ્વરછે.

મનોહરભાટ—બાઇ ધીરજ ધરો હું આપના પ્રાણનાથ પૃથુરાજને વીસ્તારીને સમજાવીશ.

રાણી—મને ચેન પડતું નથી માટે મેહેલ બંધ કર.

દાસી—બહુ સારૂ સુઈજાઓ દુઃખ વિસારે પડે.

(સુઈ જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—બાદશાહ કચેરી ભરીને બેઠાછે. ત્યાં **દાસીયોનું** પૃથુરાજ પાસે આવવું.

અકબરશાહ—બીરબલ આપની કચેરીમેં સબ રજપુત લોકો આ ચુકા સબ રજવાડેકા રાજકુંમારો ઓર સબ દેશાવરકે ફૂટાયા આ ચુકા?

બીરબલ—જહાં પનાહ સબ આપકા નજરબાગ આગે તંબુ નાખકે પડા હે મગર બડા બડા રજપુતલોકો આપકી તેનાતમેં બેઠે હે.

અકબર—અચ્છા પૃથુરાજકા કુચ્છ ખબર આયા? માલવ દેશકા કયા સમાચારહે મગર કયા હુવા?

બીરબલ—પૃથુરાજ આનેકા આજે બરાબર બખતહે અબ આયગા કભી રોકાય એસા આદમી નહીંહે.

(શીપાઇ પૃથુરાજને પ્રવેશ કરાવે છે.)

પૃથુરાજ—(સલામ ભરી બેસેછે.) જહાં પનાહ આપકા તાબેદારે સબ બંદોબસ્ત કીયાહે મગર રજપુતલોકો બડા રંજાડી સબકું જેર કીયાહે.

અકબર—બરાબર બંદોબસ્ત કીયાહે.

પૃથુરાજ—જહાં પનાહ ઉસ્મેં બાઈકે છાજીયેમેં બેણુ કાયકું મણ્ણા રખે!' સબકા બદોબસ્ત અચ્છી તરાહસેં કીયાહે. (એટલામાં શીપાઈ.)

શીપાઈ—જહાં પનાહ કોઈ બે ઔરત લોકો આપકી આગે કુચ્છ પુછનેકું આતીહે.

અકબર—કુચ્છ ફીકર નહીં આનેદો (દાસીઓ આવેછે તેને જોઈ પૃથુરાજ લાલચોળ થઈ જાયછે.) ત્યાં—

દાસીયો—(હાથ જોડીને પૃથુરાજ સામે.)

(હાડાજી શું કરો સહાસ આ. એરાગ.)

રાઠોડ રાય શું રીશે ભરાણા, વાત સુંણો વીસ્તારીરે; ટેક.
શુદ્ધ પતીવ્રતા આપની નારી, ધર્મનો પગ ધરનારીરે; રાઠોડ.
અવર પુરૂષની આશ ન એને, આપ મુગટ મણીધારીરે; રાઠોડ.
શંકર સમ તમ સ્તવન કરેછે, અન્ય ન શબ્દ ઉચારીરે; રાઠોડ.
ક્રોધ કરી શું કાગળ લખીયો, કાયામાં છુટે કંપારીરે; રાઠોડ.
અવર પુરૂષનું મુખ જુવે નહીં, રાજાજી જુઓને વીચારીરે; રાઠોડ.
આતમની ઘાત એ કરતી હતી ત્યાં, વાર્યાંછે વારંમ વારીરે; રાઠોડ.

દાસીયો ઉપર દયા કરી હે રાજાજી એવો કાગળ નહીં લખવો જોઇએ. અજ્ઞાની અબળા આત્માની ઘાત કરવા બેઠી હતી પણ અમે વચમાં પડી સમજાવી કટાર મુકાવી દઇ શાંત પાડ્યાંછે; માટે ગુનો માફ કરી શાન્તી ધરવી જોઇએ.

બાદશાહ—કયા ગડબડહે પૃથુરાજ મેરેકું કહેદો ?

પૃથુરરાજ—મેં ઉસ્કીપર કાગદ લીખા ઇસ બાસ્તે ગુસ્સે હુઈ

આત્મકી ધાત કરનેકા કભી ફંદ કીયા હોશે.

બાદશાહ—પૃથુરાજ વો કાગદ ઇદરસેં ભેજાહે વો કીદરહે.

પૃથુરાજ—(ગજવામાંથી કાઢી) મેરી આગે હે, લો જહાં પનાહ.

બાદશાહ—બીરબલ એ કાગદ કચેરીકી અંદર બરાબર બાંચો?

બીરબલ—(વાંચેછે.) **આર્યાગીતી.**

લેવા પરીક્ષા આવ્યા, બાદશાહ નવ રોજ માંહી નકી;
તે સાથે હું બરાબર, શીયળ મારૂં સાચવી (ન) શકી.

બાદશાહ—વો કાગદમેં (ન) અક્ષર બધ ગયા બીરબલ વો કાગદકી ભલામન કીસકુ કીયાથા.

બીરબલ—જહાં પનાહ અપના હજુરી લવાકું દીયાથા.

બાદશાહ—લવા કીદર મરગયાહે ?

લવો—જહાં પનાહ આપકા તાબેદાર ખડાહે.

બાદશાહ—એક હરફ (ન) અક્ષર કીને બધારા.

લવો—જહાં પનાહ, મેં બધાર દીયા કે પૃથુરાજ કેસા ચાલાકહે સાહસી હે કે ધીરજવંત હે ઇસ બાગ્તે બધારદીયા.

બાદશાહ—મેરા પુછા વીગર બધાર દીયા વો બોત જુલમ કીયા. મગર ફીર ઐસા કામ નહીં કરનાં યાદ રખો?

લવો—જહાંપનાંહ બોતઅચ્છા કભી નહીં કરૂં.

(દાસી છબી બતાવેછે તે છબી પૃથુરાજ જુવેછે) ત્યારપછી

બાદશાહ— **ઠુમરી ભેરવીની ચાલમાં.**

(મેંતો શાહજાદેકું ઢુંઢન ચલીયાંરે.)

શુદ્ધ બાપ સતી તુમ નારીરે, મેંને પરીક્ષા લેને ગયે. ટેક.
ભેણ બરાબર આપકી માશુક, ચુકી ન સત્ય લગારીરે. શુદ્ધ

ખુદા કસમમેં ખાકે કહતે, આપકી પુરન પ્યારીરે. શુદ્ધ.
દીલ ચાહેસો ઇનામ મંગલ્યો, ખુશનું તક આ વારીરે. શુદ્ધ.
જમીન દોસ્ત કરતહે મુજકો, નેક નજર કરનારીરે. શુદ્ધ.
અરપન કરલ્યો ઓહી પતીવ્રતા, ખુદા તાલાકું સંભારીરે. શુ.
મેરા બચન ધરો શીરકે ઉપર, ભીખન ભનત બીચારીરે. શુ.

પૃથુરાજ તમારી ઔરત બડી સતી રૂપહે ઔર બડી લાવણ્યવતીહે આખા હીંદુસ્તાનમેં 'પાઉસેરકી કટારીમેં ઝુલાઈ સારી બાદશાહી,' એસી ખબરદારહે.

(કેટલુંક સમજાવી મોકલેછે.) કચેરી બરખાસ્ત.

પ્રવેશ ૩ જો.

સ્થળ—પૃથુરાજનો મેહેલ, પૃથુરાજ આવેછે એટલે તેની **સ્ત્રી.**

રાણી—(ગળામાં હાથ નાખી) **રાગ કલ્યાણ.**

(શ્રી જગતપતી એ રાગ.)

પ્રાણનાથ આજ, તમેછો શીરતાજ;
પતીવ્રતનો ધર્મ પાળ્યો, ઇજ્જત રાખી આજ. ટેક.
સો દુષ્મન કદી સામે આવે, લોપું નહીં મરજાદ;
આપ તણી, નહીં અન્ય ધણી મુજ, અંતર રાખું યાદ. પ્રાણ.
સતી લાજ સૃષ્ટીમાં લોપે, નર્ક તણો અંગીકાર;
જીંતી બાજી હારી જાએ, મીથ્યા છે સંસાર. પ્રાણ.
વીરબાળ આ વીશ્વ ઉપરછે, સત ચુકે નહીં ક્યાંય;
અઘોર માથે આવ્રણ આવે, ભરે ન પાછા પાય. પ્રાણ.
શીવ બરાબર સ્વામી સેવું, પુજુંછું પ્રતીદીન;

મોક્ષ ગતીને મળવા કારણ, આપતણે આધીન. પ્રાણ.
ધરતીમાતા જાય રસાતળ, ધ્રુમંડળ ફરી જાય;
શેષ ધરે નહીં ધરતી શીરપર, છોડું ન સત્ય કદાય. પ્રાણ.

પૃથુરાજ— **સોરઠની ગજલ (હરીગીત છંદ.)**

હે ચંદ્રવદની ચતુર પ્યારી, મારી તું દીલદારછો;
તુ દુઃખમાંહી આપે દિલાસા, શાંતતા કરનારછો. ટેક-
તુજ વચન મધુર સુવાકય સુણતાં, મીઠચ ઉપજે મનવિશે;
આનદ ઉર પથરાઈ, અંગ છવાઈ, પ્રેમ પુરો દિસે.
એક અંગવાળું નથી જુદાઇ, સુખદ સીંધુ રેલીયો;
સંસાર સદય સુબાગ સુંદર, સરસ તુજ સાહેલીયો.
કરી હાસ્ય અંગ વિનોદી વચનો, પુષ્પ મુખ ઝરતાં પ્રીયા;
આનંદ બાગ અથાગ રાગ, અળંકૃતી કરતી ક્રીયા.

રાણી— **રાગઉપરનો.**

છો મારા શીરતણા મણી, સતી આપની છું પતીવ્રતા;
સત અંગ ધારણછે સદા, શું વદને બોલું વિનયતા.
છે અન્ય પુરૂષો આપની વીણ, બંધુ પીતુ સમ જાણજો;
ઉત્તમ અલૌકીક ચીજ આપની, પુર્ણ પ્રેમ પીછાણજો.
(તમામ બનેલી વાત કહી આપે છે.)—તેથી પૃથુરાજ.

પૃથુરાજ— **બીહાગની ગજલ.**

શુરવીરને તેં ચાબુક મારી, ચમકાવ્યો આવાર;
હાડોહાડ હુતાશન વ્યાપ્યો, નીશ્ચે જાણે નાર.
તૃણ તણા ડુંગરમાં તારી, ચીનગારી તીલભાર;
ખાખ દેહ આ ખારી માટી, સુંનો છે સંસાર.

રાણી— **માલીનીછંદ.**

શત કજ ઉપવાસે, સીંહ છોડે ન ચારો;
શુરવીર નહીં છોડે, તીવ્ર જે તેગ ધારો;
તૃપત ન તલવારો, ભોગ લેવા ભજાવે:
ધરમ વીર ધરામાં, માંમલો જઈ મચાવે.

પૃથુરાજ—(ચમકીને) **આર્યા ગીતી.**

પ્યારી કહેવા આવ્યો, મ્યાન પ્યારી તેં કેમ ન ઝટકાવી;
અકબરની કબર જાગે, જ્યોત જોગણી ભોગ રૂડો ભાવી.

રાણી— **ઇંદ્રસભામાં ગવાતી ગજલ.**

સહસ્ત્ર સાથ તે બજારે, નથી જવા દેતા;

પૃથુરાજ—નાનું સરખું નવ મળ્યું કોઈ માનવી કહેતાં.

શાહના કપાળ માંય, મારવુંતું ત્યાંય;
કહેવુંતું જે કાચો ચાંડલો કરૂંછું આંય.
પાકો ચાંડલો તે આવી, કરશે પ્રાણ નાથ;
પ્રાણ તમે પ્યારાં ગણ્યાં, નવ બતાવ્યો હાથ.

રાણી—પ્રાણનાથ જ્યારે આપનાં દર્શન થાય છે ત્યારે જેમ સુર્ય કમળ સુર્યના ઉદય થવાથી પ્રફુલીત થાય છે તેમ આપના દર્શનથી મારૂં જોબન ખીલી નીકળે છે. ચાલો આરામ લઈએ. (ડ્રોપસીન પડે છે.)

પૃથુરાજ— **શીખરીણી.**

પ્રીયા તારી વેણી, મધુકર મણી શ્યામે ઝુકી રહી;
વિંટાળ્યો વાશુકી, સરસ શુભ રીતે ચુકી નહી.
લડાવેછે દાડી, શુક સમજ નાસીક દીપતી;

ભીનાછે ગુલાબી, અધરપરવાલી અતી અતી.

વસંત તીલકા છંદ.

કુરંગી નેન ધનુષાકૃત બાણ મારી;
કોરી કલેજું નર ઘાયલ થાય ભારી.
છે ગોરે અંગ શુભ રંગ સમાધી ચુકે;
કોકીલ કંઠ, મ્રદુ વાક્ય કપોત ઝુકે.

માલીની છંદ.

શરદ શશીમુખી તેં, ચીત ચોરીને મારાં;
કઠણ કુચ સતાવે, બીંબ નાજુક પ્યારાં.
કદળ સદળ જંગા, કામ કેલી બિરાજે;
વગર વિજ ઝબુકે, બીજનો ચંદ્ર આજે.

મનહર છંદ.

પ્રીયા તારા પ્રેમ માંહી, પ્રીતીનો પ્રકાશ થયો;
પ્યારી પ્યારી પલક પલક, રહુંછું રૂદે;
બેસું તીહાં બેસવાની આશ ન શી રીતે બેસું;
બાજેછે બદન માંય, કામ બાણ બેહદે.
પ્રીતી રૂપી પાસસે બંધાણો પ્રીયા તારી સાથે;
પ્યારી હું ચાતક પીયું પ્રીતી રસ બેહદે.
ઘુંચળીયું મારે મારો જીવ ઘણો ઘડી ઘડી,
તારો મેળો થાય ત્યારે, તૃપ્તી મને તુંમદે;

શીંહાનો કનરો (ઈંદ્રવીજે છંદ.)

વીશ્વરૂપી ફુલવાડી વીનોદીત,
વ્રક્ષ વિહંગ મનોહર જાણું;

તેમ પ્રીયા રૂપ રત્ન પ્રફુલીત,
પ્રાણ હરે નીત પ્રીત પીછાણું.
લાલ લીલાં નવરંગીન વસ્ત્ર,
સુશોભીત પૂરણ પ્યાર પ્રમાણું.
અન્ય ગમે નહીં ચીજ પ્રીયા વીણ,
લક્ષવસા ચીત ત્યાંય લોભાણું.

ત્રોટક છંદ.

શુભ સેજ પલંગ ચડી વીચરે, અતી ઝાંઝરનો ઝણકાર કરે;
ચડતો સીંહ કુંજ લડાઇ કરે, મ્રગ બાણ થકી રતી દીલ હરે;
અધરામ્રત પાન મધુર ઘણું, અબળાનું અલીંગન શ્રેષ્ટ ગણું;
નથી ચીજ મધુર ધરા ઉપરે; કલીયો નવજોબન તેજ કરે.

મોતીદામ છંદ.

પ્રકાશીત પ્રેમછે પદ્મણી મુલ,
ગમે ચીત્રણીને રૂડાં ફળ ફુલ;
વિનોદિત હસ્તીની હાસ્ય અમુલ્ય;
કળો નીત્ય શંખીણીને અનુકુળ.

ઉપેંદ્રવજ્રા.

મ્રગાક્ષી પ્યારી મતવાલી રંભા,
સુ શોભીતી સાથળ કેળ સ્થંભા;
લડાવતી કામી નરોજ લહેકે,
બતાવતી ત્રેહ સુગંધ બહેકે.

દુમીલા છંદ.

દુનીયા મહીં ચીજ ખરીદું ખરે, રૂપગુણ સુલક્ષણ પ્રેમ ઝરે;

તન જોબનકુંજ બચું વિચરે, ખુબ ખંજર નેન સતાબી કરે;
તલશી તલશી તુજ રૂપ તરે, નવ જોબન રૂપ તરે નજરે;
હરણી સમ ફાળથી દીલહરે, ઘર સંપત વેચું તું આબ્ય ધરે;

દોધક છંદ.

સેજ પલંગ બીછાનું સુવાનું, પ્યારી વીના રખડીજ મુવાનું;
ભાન ભુલી ભટકું ભવસીંધુ, બેહદ ભાસ પ્રકાશીત બીંદુ.

સર્વપાત્રો.

(સનમ સખીરી રૂઠા ગયાહે શીરપર આયા ચોમાસા. એ.)

પુર્ણ થયોછે ખેલ સભાજન, દ્રષ્ટી દોષ માફી કરજો;
પતીવ્રતાનો ધર્મ બજાવ્યો, અમૃત વાક્યો ઉર ધરજો;
પૃથુરાજ રાઠોડ વંશમાં, શુરવીર તે મોટા શરમાં;
સહાસ કામમાં ચીત્ત લગાડી, પ્રીયા ચતુર તેના ઘરમાં.
શીયળ પાળ્યું શીર ગુજરી, છળવા કાજ સતી નારી;
બુરી નજર બાદશાહ કરી પણ, ફાવી નહીં તેવી કારી;
પાપ તણું તે ભરવા પગલું, અંતરમાં અવળું ધાર્યું;
નીષ્ફળ આશા ગઈ નીરંતર, પુત્રી કેહેવી પડી હાર્યું;
સર્વ સભાજન શ્રવણ કરીને, ભુલ ચુક મારી કરજો;
ભીખન કહેછે ભાવ ધરીને, વીનતી મારી ચીત્ત ધરજો.

સમાપ્ત.

જાહેર ખબર.

મારી રચેલી તમામ બુકો મારી પાસેથી તેમજ મીસ્ત્રી પીતાંબર વસ્તાની મીલના મેનેજર સુતાર પુરૂષોતમદાસ મેઘજીભાઇ પાસેથી અને મારા પ્રીય મીત્ર સુતાર વીઠલદાસ કરશનદાસ પાસેથી રોકડી કીંમતે મળશે.

કોઇ નવીન પુસ્તકો કે કવીતા રચાવવી હશે તો તેને થોડા ખર્ચેથી રચી આપવામાં આવશે. પીંગળના તમામ રાગો તથા કળાવંતી તમામ રાગ રાગણીમાંથી જેને જે પસંદ રાગ હશે તેજ રાગમાં રચી મુદતસર આપવામાં આવશે. કોઇને પુસ્તક સુધારવું હશે તેને પણ તાકીદથી કામ કરી આપશું. એજ.

(સહી) **જોશી ભીખારામ શવજી કનૈયા.**

ઠેકાણું મીસ્ત્રી પીતાંબર વસ્તાને કારખાને અગર અંબાજીના વડતળે પખાલીવાડમા—**ભાવનગર.**

અગાઉથી ખરીદ કરનાર ગ્રાહકોનાં નામ.

૨૧૭૫) જોશી ભીખારામ શવજી કનૈયા ભાવનગર.

૧૦૦) ઠકર પ્રાણજીવન હરખજી બુકસેલર નવી કાપડબજાર.

૫૦) બુકસેલર પાનાચંદ તેજાભાઈ નવી કાપડ બજાર.